# જતન અને તક

# લક્ષી આયોજન



## ઑન્ટેરિઓની સ્પર્ધાત્મકતા વિકસાવવી અને સારી નોકરીઓ ઉભી કરવી

ઑન્ટેરિઓનું અર્થતંત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે. આ બદલાવો આપણા સમાજમાં આર્થિક અંતરોની ખાઈ પહોળી કરતા હોવાથી, એક ન્યાયી, બહેતર ઑન્ટેરિઓનું નિર્માણ કરવાના હેતુસર સરકારે રાજ્યમાં દરેકને પ્રગતિ કરવા પોતાને જરૂરી હોય તેવા અવસરો ઉભા કરીને મદદ કરવાની યોજના ઘડી છે.



### સારી નોકરીઓ અને વિકાસની યોજના

વ્યવસાયો, વિદ્યાર્થીઓ અને સ્નાતકોને ટેકો આપવા અને સારા પગારવાળી, યથાર્થ નોકરીઓ આકર્ષવા ત્રણ વર્ષો દરમ્યાન 935 મિલિયન ડોલરના ભંડોળની ફાળવણી.



### મફત ટ્યુશન

તમામ ઉંમરના 225,000 થી વધુ વિદ્યાર્થીઓ માટે કૉલેજ અને યુનિવર્સિટીની ટ્યુશન ફીની માફી. નિમ્ન અને મધ્યમ આવકવાળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે મફત અથવા ઘટાડેલી ફી ની જોગવાઈ છે.



### ઉત્તરી વિસ્તારોમાં વ્યવસાયોને પ્રોત્સાહન

ઉત્તરમાં નવી રોજગારીઓ ઉભી કરવા અને નવી શોધખોળો કરવાના પ્રોત્સાહન રૂપે આગામી ત્રણ વર્ષમાં વધારાના 85 મિલિયન ડોલરની ફાળવણી.

## લોકો માટે વધુ અવસરો અમે કેવી રીતે ઉભા કરી રહ્યા છીએ

ઑન્ટેરિઓ પ્રાંત:

- તમામ ઉંમરના 225,000 થી વધુ વિદ્યાર્થીઓ માટે કૉલેજ અને યુનિવર્સિટીની ટયુશન ફી માફ કરી રહ્યો છે. ઓછી અને મધ્યમ આવકવાળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે મફત અથવા ઘટાડેલી ફી ની જોગવાઈ છે; એટલે જેમનો પગાર 90,000 ડોલર સુધીનો છે તેમની ટ્યુશન ફી માફ છે, અને 175,000 સુધીની આવકવાળા પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓ પણ નાણાકીય મદદને પાત્ર છે.
- વિદ્યાર્થીઓ અને નોકરીદાતાઓની બદલાતી જરૂરિયાતોને અનુકુળ થાય તેવા પોસ્ટસેકન્ડરી શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા ત્રણ વર્ષમાં 132 મિલિયન ડોલર પૂરા પાડીને સારી નોકરીઓ માટે વિદ્યાર્થીઓ તૈયાર કરી રહ્યો છે.
- વિદ્યાર્થીઓને વિશિષ્ટ-કૌશલ્યની તાલીમ મેળવવાની વધુ તકો પૂરી પાડવા ત્રણ વર્ષો દરમ્યાન 170 મિલિયન ડોલરના રોકાણથી ઑન્ટેરિઓ એપ્રેન્ટીસશીપ પ્રોગ્રામનું આધુનિકીકરણ કરી રહ્યો છે.
- કેરીઅર રેડી ફંડમાં વધારાના 12 મિલિયન ડોલરના મૂડીરોકાણ દ્વારા વિદ્યાર્થીઓને અને તાજા સ્નાતકોને કામનો જાતઅનુભવ મેળવવા વધુ તાલીમ પૂરી પાડી રહ્યો છે.
- જાન્યુઆરી 1, 2018 ના રોજ ન્યૂનતમ વેતન કલાકના 14 ડોલર સુધી અને જાન્યુઆરી 1, 2019 થી કલાકના 15 ડોલર સુધી વધારી સમગ્ર ઑન્ટેરિઓમાં 1.2 મિલિયન લોકો માટે લાંબા સમયથી રાહ જોવાતો પગાર વધારો આપી રહ્યો છે.
- ઑન્ટેરિઓ બ્રિજ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ત્રણ વર્ષો દરમ્યાન વધારાના 45.6 મિલિયન ડોલરનું મૂડીરોકાણ કરીને કૌશલ્યવાન ન્યુ-કમર્સ ને રોજગાર શોધવામાં મદદ કરી રહ્યો છે.

## અમે વ્યાવસાયિક સ્પર્ધાત્મકતા કેવી રીતે સુધારી રહ્યા છીએ

ઑન્ટેરિઓ પ્રાંત:

- સ્મોલ બિઝનેસ કોર્પોરેટ ઇન્કમ ટેક્સના દરમાં 22 ટકાનો કાપ આપી કંપનીઓને સ્પર્ધામાં ટકી રહેવા મદદ કરી રહ્યો છે.
- વ્યવસાયોને નવી શોધખોળ કરવા પ્રેરી તે ઑન્ટેરિઓના અર્થતંત્ર માટે રોકવા પ્રોત્સાહિત કરવાના હેતુથી રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ટેક્સ ક્રેડિટ્સ વધારવાનો પ્રસ્તાવ મૂકી રહ્યો છે.

- પ્રસ્તાવિત કાયદાઓથી આમજનતા માટે આપેલી નોકરીની બધી જાહેરખબરોમાં પગાર દર અથવા પગાર ધોરણનો સમાવેશ કરવાની આવશ્યકતા લાગુ કરીને જાતિઆધારિત વેતનના તફાવતોની સમસ્યા હાથ ધરી અને નોકરી પર લેવાની વિધિઓમાં પારદર્શિતા વધારી દરેક માટે કાર્યસ્થળોને વધારે નિષ્પક્ષ બનાવી રહ્યો છે.
- આગામી 10 વર્ષો દરમ્યાન રાજ્યના ન્યૂ ઇકોનોમી ફંડ માટે વધારાના 500 મિલિયન ડોલર ફાળવી કંપનીઓને સ્પર્ધાત્મક રહેવામાં મદદ કરી રહ્યું છે અને તમામ પ્રદેશોને ખાનગી ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણ આકર્ષવાની તક આપી રહ્યો છે.
- આંતરરાષ્ટ્રીય વ્યાપાર વધારી, ચાવીરૂપ નિકાસ બજારોમાં ઑન્ટેરિઓની ઉપસ્થિતિ વધારી, અને દુનિયાભરમાંથી નવી આર્થિક અને વ્યાવસાયિક ભાગીદારીઓ ખોળી કાઢીને ઑન્ટેરિઓના કામદારો અને ઉદ્યોગોનું રક્ષણ કરી રહ્યો છે.
- આગામી 10 વર્ષો દરમ્યાન વધારાના 200 મિલિયન ડોલરનું મૂડીરોકાણ કરી આશરે 38,000 નોકરીઓ સર્જવા અને જાળવી રાખવા અને સ્થાનિક રોકાણોમાં 1.6 બિલિયન ડોલરથી વધારે આકર્ષવા પ્રાદેશિક આર્થિક વિકાસને ટેકો આપી રહ્યો છે.
- ઉત્તરી વિસ્તારોના મોટા ઔદ્યોગિક એકમોને માટે વીજખર્ચમાં રાહત આપવા વાર્ષિક 120 મિલિયન ડોલર રોકવાનું ચાલુ રાખે છે.
- આગામી ત્રણ વર્ષમાં 85 મિલિયન ડોલરનું રોકાણ કરી, 2021 માં નોર્ધર્ન ઑન્ટારીયો હેરિટેજ ફંડ કોર્પોરેશન માટેની ફાળવણી 150 મિલિયન ડોલર સુધી વધારી તથા નવા કાર્યક્રમો રજૂ કરી નિષ્પક્ષતા, અવસરો અને વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે.

## અમે બુનિયાદી માળખામાં કેવી રીતે રોકાણ કરી રહ્યા છીએ

ઑન્ટેરિઓ પ્રાંત:

- હોસ્પિટલો, શાળાઓ, પરિવહન, પુલો અને રસ્તાઓ જેવા અગ્રતાક્રમના પ્રોજેક્ટ્સ માટે, 2014-15 થી શરૂ કરીને, આગામી 14 વર્ષો સુધી લગભગ 230 બિલિયન ડોલરનું મૂડીરોકાણ કરીને આધુનિક અને કાર્યક્ષમ આધારમાળખું તૈયાર કરી રહ્યો છે.
- GO રીજીયનલ એક્સપ્રેસ રેલના અમલીકરણ દ્વારા સમગ્ર ગ્રેટર ટોરોન્ટો અને હેમિલ્ટન એરિયા (GTHA) ની અંદર પરિવહન સેવામાં સુધારો કરવાનું ચાલુ રાખી રહ્યો છે - તે 21.3 બિલિયન ડોલરનું એક મૂડીરોકાણ છે, જેનાથી હાલની પરિવહન વ્યવસ્થા, રીજીયનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ માં રૂપાંતરિત કરાઈ રહી છે. સમગ્ર વિસ્તારમાં પ્રવાસીઓ અને પરિવારો માટે બંને દિશામાં, આખા દિવસ દરમ્યાન દર 15 મિનિટની સેવાઓ સાથે, સંપૂર્ણ GO રેલ નેટવર્કને આવરતી સાપ્તાહિક સેવાઓ વધીને 2025 સુધીમાં આશરે 1500 થી લગભગ 6,000 જેટલી થઈ જશે.
- 2013 થી સમગ્ર GO નેટવર્કમાં દર અઠવાડિયે લગભગ 800 વધુ ટ્રેન સેવાઓ ઉમેરી, GO ટ્રેન સેવામાં 70 ટકાની ઉપર વધારો કરી રહ્યો છે.
- ઝડપી, કાર્યક્ષમ અને વિશ્વસનીય પરિવહન પૂરું પાડવા સમગ્ર GTHA માં વિશાળ પાયે રેપિડ ટ્રાન્ઝિટ પ્રોજેક્ટમાં રોકાણ કરી રહ્યો છે, જેમાં નીચેની લાઈટ રેલ ટ્રાન્ઝીટ (LRT) સેવાઓનો સમાવેશ થાય છે:

54 બસ રૂટ્સ, ત્રણ સબવે સ્ટેશનો, ત્રણ GO ટ્રાન્ઝિટ લાઇન અને UP એક્સપ્રેસને જોડતી, 25 સ્ટેશનોવાળી એગ્લીન્ટન ક્રોસટાઉન સેવાઓ; હમ્બર કોલેજને નવા ફિન્ચ વેસ્ટ ટીટીસી સબવે સ્ટેશન સાથે જોડતી ફિન્ચ વેસ્ટ સેવાઓ; અને જેની સેવાઓ 2022 માં શરૂ થઈ જવાની ધારણા છે તે, GO ટ્રાન્ઝિટને, મિસિસાગા અને બ્રેમ્પ્ટન ટ્રાન્ઝિટ સિસ્ટમ્સ સાથે જોડતી હ્યુરોન્ટેરીઓ એલઆરટી સેવાઓ.

- રોજીંદી આવજા કરતા મુસાફરો અને પરિવારો માટે આગામી 10 વર્ષો દરમ્યાન જાહેર પરિવહનમાં 79 બિલિયન ડોલરના રોકાણ સાથે - ઓટાવા એલઆરટી, વોટરલૂ I ON રેપિડ ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ અને લંડન બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમને ટેકો આપવા સહિત - ગીચતા ઘટાડી રહ્યું છે અને મુસાફરીના વધુ વિકલ્પો રજુ કરી રહ્યો છે.
- GTHA માટે ટ્રાંસ્ફોર્મેશનલ રીજીયનલ ફેર ઇન્ટીગ્રેશન વ્યૂહરચનાને ટેકો આપવાની પહેલ અમલમાં મૂકી રહ્યો છે, જેમાં PRESTO કાર્ડ વાપરનારાઓ કે જેઓ GO ટ્રાન્ઝિટ અથવા યુપી એક્સપ્રેસ અને ટીટીસી વચ્ચે વાહન બદલે છે તેઓ માટે ભાડામાં રાહત શરૂ કરવાનો સમાવેશ થાય છે.
- આગામી ત્રણ વર્ષો દરમ્યાન 500 મિલિયન ડોલર ઉપરાંતના વધારાના રોકાણથી ગ્રામીણ અને ઉત્તરીય વસ્તીઓ માટે બ્રોડબેન્ડ ઇન્ટરનેટ કનેક્ટિવિટી વિસ્તૃત કરી રહ્યો છે.